| | ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી<br>ચોથો માળ, સહયોગ સંકુલ , સેક્ટર :- ૧૧,<br>પથીકાશ્રમની બાજુમાં , સીવીલ હોસ્પીટલ સામે,<br>ઘ - રોડ , ગાંધીનગર :- ૩૮૨૦૦૭.<br>ટેલીફોન નંબર :- (૦૭૯)૨૩૨૫૮૬૬૦ |
|---|---|

નંબર : ગુજરેરા/ઓર્ડર :-૩૬/૨૦૨૦ તા.૧૨/૦૬/૨૦૨૦

## ઓર્ડર :- ૩૬

રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ની કલમ-૩ ની જોગવાઇ મુજબ, રાજ્યમાં કોઇપણ વિકાસકાર(પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત,માર્કેટીંગ,બુકીગ અથવા ઓફર માટેની કાર્યવાહી,રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી. ગુજરાત રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ની કલમ-૬ ની જોગવાઇ મુજબ, રાજ્યમાં રેરા રજીસ્ટ્રેશન આપવામાં આવેલ પ્રોજેક્ટોમાં રેરા કાયદાની જોગવાઇ મુજબ પ્રોજેક્ટના એક્ષટેન્શન આપવાની કામગીરી તથા કલમ-૧૪(૨)( ii ) ની જોગવાઇ મુજબ પ્રોજેક્ટના ઓલ્ટરેશનના રજીસ્ટ્રેશન આપવાની જોગવાઇ છે. ઉપરોક્ત પ્રોજેક્ટના રજીસ્ટ્રેશન, ઓલ્ટરેશન તથા એક્ષટેન્શનની કામગીરી ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા તેની વેબસાઇટ gujrera.gujarat.gov.in ઉપર તારીખ :- ૧૦/૦૭/૨૦૧૭ થી કાર્યાન્વિત થયેલ છે. ગુજરાત રેરા દ્વારા પ્રવર્તમાન ગુજરેરા પોર્ટલ ૧.૦ ઉપર આજદિન સુધી ૭૧૦૦ પ્રોજેક્ટો ને રેરા પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન, ૩૯૩ પ્રોજેક્ટોને રેરા ઓલ્ટરેશન તથા ૧૧૬૨ પ્રોજેક્ટોને રેરા એક્ષટેન્શનની રજીસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા વેબસાઇટ શરૂ થયાના ત્રણ વર્ષના કાર્યકાળ માં રેરા કાયદા અંગેની કામગીરી દરમ્યાન ધ્યાનમાં આવેલ મુદ્દાઓ નિવારવા માટે, રીયલ એસ્ટેટના પ્રોજેક્ટ , રીયલ એસ્ટેટના પ્રમોટરશ્રી તથા પ્રોજેક્ટના બાંધકામ ના ખરીદનાર (એલોટી)ના હિત સાથે જોડાયલી વિગતોની સરળતા, સુગમતા અને પારદર્શિતા જળવાઇ રહે તથા રેરાના રજીસ્ટ્રેશનની કામગીરી અસરકારક , ઝડપી તથા લોકભોગ્ય બને તે માટે ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા નવું પોર્ટલ ૨.૦ બનાવવામાં આવેલ છે. નવું પોર્ટલ તથા તે સાથે સુસંગત મોબાઇલ એપ્લીકેશન “ગુજરાત રેરા” દ્વારા ગુજરાત રેરા તમામ હિતસંબધીઓને આધુનિક ટેકનોલોજીથી સજ્જ અને વાપરવામાં સરળ પોર્ટલ સેવા આપવા કટિબદ્ધ છે. નવા પોર્ટલના અમલીકરણ માટે ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવે છે.

- **ગુજરાત રેરા - પ્રવર્તમાન પોર્ટલ ૧.૦ સેવા સ્થગિત થવા બાબત :-**

  ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા તેની વેબસાઇટ gujrera.gujarat.gov.in ઉપર ગુજરેરા ના પોર્ટલ ૧.૦ ની સેવા તારીખ :- ૧૪/૦૬/૨૦૨૦ ના રોજ રાત્રીના ૨૩.૫૫ કલાકેથી નવા પોર્ટલ ૨.૦ ની કામગીરી માટે સ્થગિત (શટડાઉન)કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

- **નવનિર્મિત ગુજરાત રેરા પોર્ટલ ૨.૦ કાર્યાન્વિત થવા બાબત :-**

  ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા તેની વેબસાઇટ gujrera.gujarat.gov.in ઉપર નવનિર્મિત પોર્ટલ ૨.૦ ની સેવા તારીખ :- ૨૬/૦૬/૨૦૨૦ ના રોજ કચેરી સમયથી તમામ ઉપયોગકર્તાઓ માટે કાર્યાન્વિત થશે.

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.06.12 20:37:55 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar

➢ **ગુજરાત રેરા પ્રવર્તમાન પોર્ટલ ૧.૦ ઉપરની અરજીઓના નિકાલ બાબત :-**

ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા તેની વેબસાઈટ gujrera.gujarat.gov.in ઉપર ગુજરેરા ના પોર્ટલ ૧.૦ ઉપર પ્રોજેક્ટ રજીસ્ટ્રેશનની એકનોલેજમેન્ટ નંબર મળેલ અરજી, પ્રોજેક્ટ ઓલ્ટરેશન, પ્રોજેક્ટ એક્ષટેન્શન તથા પ્રોજેક્ટ પ્રોફાઈલ ચેન્જની અરજીઓના પ્રમોટરશ્રીઓ દ્વારા તેઓએ રજુ કરેલ અરજીઓમાં સત્વરે તા. ૨૧/૦૬/૨૦૨૦ ( બપોરે - ૧૮.૦૦ કલાક ) સુધીમાં જરૂરી પૂર્તતા અંગત રસ લઈ કરી લેવા વિનંતી છે. આ કામગીરી પૂર્ણ કરવા રેરા ઓથોરીટી આપશ્રી તમામને સંપૂર્ણ સાથ અને સહયોગ આપવા કટીબધ્ધ છે.

સેક્રેટરી
(ગુજરેરા)

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.06.12 20:38:06 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar